A. R. KANANI
[M.A., LL.B.]
(Advocate)

Off. :- 408-Business Corner, Indira Circle, 150 ft rign Road, Rajkot-07.

Ref. :- *Date :-24/03/2018*

–: <u>ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ અંગેનો અભિપ્રાય</u> ::–

ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના મોજે ગામ માધાપરના રેવન્યું સર્વે નં. ૪૦ ની રહેણાંકના હેતુ માટે બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી "અયોધ્યા નગરી" તરીકે ઓળખાતા વિસ્તારની જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં. ૧૧ ની જમીન ચો.મી.આ. ૧૯૦–૭૪ તથા પ્લોટ નં. ૧૨ ની જમીન ચો.મી.આ. ૧૦૦–૪૧ એમ મળી કુલ જમીન ચો.મી.આ. ૨૯૧–૧૫ ઉપર બાંધવામાં આવેલ **"માતૃ અર્પણ"** ના નામથી ઓળખાતા લો–રાઈઝ બિલ્ડીગ માંહેથી ફર્સ્ટ ફલોર થી ફીફથ ફલોર ઉપર આવેલ કુલ ફલેટસ યુનીટ ૧૦ જેનો કુલ એફ.એસ.આઈ. બિલ્ટઅપ એરીયા ચો.મી.આ. ૭૫૨–૧૫ ના બિલ્ડીગ માંહેના તમામ ફલેટ માતૃ ઈન્ફ્રાસ્ટ્રકચરના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો શ્રીમતી અલ્પા હર્ષદભાઈ ભીમાણી તથા શ્રી અલ્કેશભાઈ કુરજીભાઈ ભોજાણીની માલીકી, કબ્જા અને ભોગવટાના આવેલ છે. તેનો ટાઈટલ કલીયરન્સ રીપોર્ટ તથા સર્ટીફીકેટ અંગેનો અભિપ્રાય આ સાથે રજુ છે.

રાજકોટ.
તા.૨૪/૦૩/૨૦૧૮

ASHVIN R. KANANI ADVOCATE Enl. No. G/1059 2010

24/3/'18
અશ્વિન આર. કાનાણી
(એડવોકેટ)

Matru Infrastructure.
Partner.

A. R. KANANI
[M.A., LL.B.]
(Advocate)

Off. :- 408-Business Corner, Indira Circle, 150 ft rign Road, Rajkot-07.

Ref. :- *Date :-24/03/2018*

બાબત :– **ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ અંગેનો અભિપ્રાય.**

ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના મોજે ગામ માધાપરના રેવન્યું સર્વે નં. ૪૦ ની રહેણાંકના હેતુ માટે બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી "અયોધ્યા નગરી" તરીકે ઓળખાતા વિસ્તારની જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં. ૧૧ ની જમીન ચો.મી.આ. ૧૯૦–૭૪ તથા પ્લોટ નં. ૧૨ ની જમીન ચો.મી.આ. ૧૦૦–૪૧ એમ મળી કુલ જમીન ચો.મી.આ. ૨૯૧–૧૫ ઉપર બાંધવામાં આવેલ **"માતૃ અર્પણ"** ના નામથી ઓળખાતા લો–રાઈઝ બિલ્ડીગ માંહેથી ફર્સ્ટ ફલોર થી ફીફથ ફલોર ઉપર આવેલ કુલ ફલેટસ યુનીટ ૧૦ જેનો કુલ એફ.એસ.આઈ. બિલ્ટઅપ એરીયા ચો.મી.આ. ૭૫૨–૧૫ ના બિલ્ડીગ માંહેના તમામ ફલેટ માતૃ ઈન્ફ્રાસ્ટ્રકચરના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો શ્રીમતી અલ્પા હર્ષદભાઈ ભીમાણી તથા શ્રી અલ્કેશભાઈ કુરજીભાઈ ભોજાણીની માલીકી, કબ્જા અને ભોગવટાના આવેલ છે. તેનો ટાઈટલ કલીયરન્સ રીપોર્ટ તથા સર્ટીફીકેટ અંગેનો અભિપ્રાય આ સાથે રજુ છે. જે દસ્તાવેજો તથા સરકારી રેકર્ડથી ઉપલબ્ધ થયેલ દસ્તાવેજોની તપાસ કર્યા બાદ તથા સર્ચ કર્યા બાદ અમો એવા નિર્ણય પર આવ્યા છીએ કે ઉપર જણાવેલ યાને ટાઈટલ કલીયર સર્ટીફીકેટમાં દર્શાવેલ મિલ્કતના ટાઈટલ મારી દ્રષ્ટીએ કલીયર, માર્કેટેબલ તેમજ કોઈપણ પ્રકારની વ્યાજબી શંકાઓ રહિત છે.

ASHVIN R.KANANI Enl. No. G/1059 2010 ADVOCATE

સ્થાવર મિલ્કતના માલીકનું નામ :–

માતૃ ઈન્ફ્રાસ્ટ્રકચરના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો :

(૧) **શ્રીમતી અલ્પા હર્ષદભાઈ ભીમાણી,** ધર્મે–હિન્દુ, ઉ.વ.–૩૨, ધંધો–નોકરી,

(૨) **શ્રી અલ્કેશભાઈ કુરજીભાઈ ભોજાણી,** ધર્મે–હિન્દુ, ઉ.વ.–૪૩, ધંધો–ખેતી,

બધા રહે. તુલસી વીલા, ફલેટ નં. ૪૦૪, કોપર હાઈટસની બાજુમાં,
સાધુવાસવાણી રોડ, યુની. રોડ, રાજકોટ.

સ્થાવર મિલ્કતનું વર્ણન :–

ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના મોજે ગામ માધાપરના ખાતેદાર ખેડુત રજપુત હમીર ગોવિંદનું મુળ ખાતુ છે. તે ગુજરી ગયેલ હોય રજપુત વસ્તા દેવદાસનો પ્રત્યક્ષ કબ્જો હોય નામ દાખલ કરવામાં આવેલ જેના ગામ નમુના નં. ૬–હકકપત્રકના નોંધ નં. ૧૦ થી પ્રમોલગેશન મુજબની નોંધ દાખલ થયેલ.

Matru Infrastructure.
Partner.

..૨..

A. R. KANANI
[M.A., LL.B.]
(Advocate)

Off. :- 408-Business Corner, Indira Circle, 150 ft rign Road, Rajkot-07.

ત્યારબાદ સદરહું ખાતેદાર ખેડુત વસ્તા દેવદાસના ઉપરોકત ખાતાની ખેડવાણ જમીનની નવી માપણી થતા જમીનના સર્વે નંબરમાં તથા ક્ષેત્રફળમાં ફેરફાર થતા રેવન્યુ સર્વે નં. ૪૦ ની ખેડવાણ જમીન એકર ૧૭–૩૪ ગુઠા તે મુજબ અન્ય સર્વે નંબરો તથા ક્ષેત્રફળ ખાતામાં ચડેલ જેની ગામ નમુના નં. ૬–હકકપત્રકના નોંધ નં.૨૦૫, તા.૧૯/૦૮/૧૯૬૭ ના રોજથી માપણી અંગેની નોંધ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહું માધાપરના રેવન્યું સર્વે નં. ૪૦ ની ખેડવાણ જમીન એકર ૧૭–૩૪ ગુઠા તથા અન્ય જમીનના મુળ ખાતેદાર ખેડુત રજપુત વસ્તા દેવદાસનું અવશાન થતા તેમના વારસદારો મણીલાલ વસ્તા, મણીબેન વસ્તા, ગલીબેન વસ્તાના વારસદાર તરીકે નામ દાખલ થયેલ જેની ગામ નમુના નં. ૬–હકકપત્રકના નોંધ નં.૪૯૯, તા.૧૨/૦૭/૧૯૭૫ ના રોજથી વારસાઈ અંગેની નોંધ પ્રમાણીત કરવામાં આવેલ.

R.KANANI ADVOCATE Enl. No. G/1059 2010 24/3

ત્યારબાદ સદરહું માધાપરના રેવન્યું સર્વે નં. ૪૦ ની ખેડવાણ જમીન એકર ૧૭–૩૪ ગુઠા તથા અન્ય જમીનના ખાતેદાર ખેડુતો માંહેથી રજપુત ગલીબેન વસ્તાનું નામ કમી કરવા અરજી તથા કબુલાત આપતા નામ કમી થયેલ. જેની ગામ નમુના નં. ૬–હકકપત્રકના નોંધ નં.૫૧૮, તા.૦૫/૧૦/૧૯૭૫ ના રોજથી વારસાઈ અંગેની નોંધ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ રાજકોટ તાલુકાના માધાપરના રેવન્યું સર્વે નં. ૪૦ પૈકીની ખેડવાણ જમીન એકર ૪–૧૮ ગુઠા જમીન મણીલાલ વસ્તાભાઈ તથા મણીબેન વસ્તાભાઈએ રાજકોટ સબ. કચેરીના અનુક્રમ નં.૩૮૮૩, તા.૦૫/૧૧/૧૯૯૯ ના રોજથી રમેશભાઈ ખેંગારભાઈ ડોડીયાને રજી. વેચાણ દસ્તાવેજથી વેચાણ કરી આપેલ. જે અંગેની ગામ નમુના નં. ૬–હકકપત્રકના નોંધ નં.૧૦૬૫, તા.૧૫/૦૧/૨૦૦૦ ના રોજથી વેચાણ અંગેની નોંધ પ્રમાણીત કરવામાં આવેલ.

તથા રાજકોટ તાલુકાના માધાપરના રેવન્યું સર્વે નં. ૪૦ પૈકીની ખેડવાણ જમીન એકર ૪–૧૯ ગુઠા જમીન મણીલાલ વસ્તાભાઈ તથા મણીબેન વસ્તાભાઈએ રાજકોટ સબ. કચેરીના અનુક્રમ નં. ૩૮૮૬, તા.૦૫/૧૧/૧૯૯૯ ના રોજ દુધીબેન રત્નાભાઈ હેરમાને રજી. વેચાણ દસ્તાવેજથી વેચાણ કરી આપેલ. જે અંગેની ગામ નમુના નં.૬–હકકપત્રકના નોંધ નં.૧૦૬૮, તા.૧૫/૦૧/૨૦૦૦ ના રોજથી વેચાણ અંગેની નોંધ પ્રમાણીત કરવામાં આવેલ.

..૩..

Matru Infrastructure.
Partner.

A. R. KANANI
[M.A., LL.B.]
(Advocate)

Off. :- 408-Business Corner, Indira Circle, 150 ft rign Road, Rajkot-07.

ત્યારબાદ રાજકોટ તાલુકાના માધાપરના રેવન્યું સર્વે નં. ૪૦ પૈકીની ખેડવાણ જમીન એકર ૪–૧૮ ગુઠા જમીન રમેશભાઈ ખેંગારભાઈ ડોડીયાએ રાજકોટ સબ. કચેરીના અનુક્રમ નં.૫૦૩૯, તા.૧૩/૧૨/૨૦૦૦ (નવો નં.૧૯, તા.૦૨/૦૧/૨૦૦૧) ના રોજથી દુધીબેન રત્નાભાઈ હેરમાને રજી. વેચાણ દસ્તાવેજથી વેચાણ કરી આપેલ. જે અંગેની ગામ નમુના નં. ૬–હકકપત્રકના નોંધ નં. ૧૧૪૭, તા.૦૮/૦૩/૨૦૦૧ ના રોજથી વેચાણ અંગેની નોંધ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ રાજકોટ તાલુકાના માધાપરના રેવન્યું સર્વે નં. ૪૦ પૈકીની ખેડવાણ જમીન એકર ૪–૧૮ ગુઠા તથા રેવન્યું સર્વે નં. ૪૦ પૈકીની ખેડવાણ જમીન એકર ૪–૧૯ ગુઠા એમ મળી કુલ જમીન એકર ૮–૩૭ ગુંઠાનું રાજકોટ તાલુકા મામલતદાર કચેરીના હુકમ નં.વહવ–વશી–૧૦૮૧, તા.૩૧/૦૮/૨૦૦૧ ના રોજ એકત્રીકરણ કરવા અંગેનો દુધીબેન રત્નાભાઈ હેરમાના નામનો હુકમ કરેલ. જે અંગેની ગામ નમુના નં. ૬–હકકપત્રકના નોંધ નં. ૧૩૦૭, તા.૩૦/૧૦/૨૦૦૧ ના રોજથી હુકમ મુજબની નોંધ પ્રમાણીત કરવામાં આવેલ.

ASHVIN R.KANANI * Enl. No. G / 1059 2010 24/13 * ADVOCATE

ત્યારબાદ સદરહું દુધીબેન રત્નાભાઈ હેરમાએ ઉપરોક્ત દર્શાવેલ જમીનનો વેચાણ, વહીવટ, વ્યવસ્થા તથા વ્યવહાર કરવા માટેતા.૧૨/૦૫/૨૦૦૧ ના રોજ કિશોરભાઈ રાઘવજીભાઈ પરમારને કુલમુખત્યારનામું કરી આપેલ.

ત્યારબાદ ઉપરોક્ત દર્શાવેલ ખેડવાણ જમીન એકર ૮–૩૭ ગુંઠાનું દુધીબેન રત્નાભાઈ હેરમાના કુલમુખત્યાર દરજ્જે કિશોરભાઈ રાઘવજીભાઈ પરમારએ રાજકોટ સબ. કચેરીના અનુક્રમ નં.૧૨૧૮, તા.૧૮/૦૩/૨૦૦૨ ના રોજથી પ્રહલાદભાઈ વિઠ્ઠલભાઈ પટેલ વિગેરેને રજી. વેચાણ દસ્તાવેજથી વેચાણ કરી આપેલ. જે અંગેની ગામ નમુના નં. ૬–હકકપત્રકના નોંધ નં. ૧૪૧૫, તા.૨૨/૦૪/૨૦૦૨ ના રોજથી વેચાણ અંગેની નોંધ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહું રેવન્યું સર્વે નં. ૪૦ પૈકીની જમીન એકર ૮–૩૭ ગુંઠાને રહેણાંકના હેતુ માટે પ્લોટીંગનું આયોજન કરતા પ્લોટ નં. ૧ થી ૨૦૫ પ્લોટ બનાવેલ જેને રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ રાજકોટના પ્રકરણ ક્રમાંક નં.રૂડા/ટેક/ડેવ/માધાપર/૧૯/૦૧/૮૮૫, તા.૧૮/૦૬/૨૦૦૨ ના રોજ મંજુર કરેલ બીનખેતી માટે લે–આઉટ પ્લાન મંજુર કરી લે–આઉટ વિકાસ પરવાનગી આપેલ. સદરહું બીનખેતી વિસ્તારને અયોધ્યાનગરી નામ આપેલ.

..૪..

Matru Infrastructure.
A.H. Bhimani
Partner.

A. R. KANANI
[M.A., LL.B.]
(Advocate)

Off. :- 408-Business Corner, Indira Circle, 150 ft rign Road, Rajkot-07.

ત્યારબાદ સદરહું ઉપરોક્ત દર્શાવેલમંજુર થયેલ લે–આઉટ પ્લાન મુજબ ખેડવાણ જમીનને બીનખેતીમાં ફેરવવા માંગણી કરતા જીલ્લા પંચાયત કચેરી, મહેસુલ શાખા રાજકોટના નં.એનએ. લેરેકોક–૬૫ કેસ નં.૧૬/૨૦૦૨/૦૩/વશી/૩૪૩૦/૩૬, તા.૦૨/૧૧/૨૦૦૨ ના રોજથી ખેતી જમીનને બીનખેતીમાં રૂપાંતર કરવાનો હુકમ કરવામાં આવેલ. સદરહું હુકમ મુજબ ગામ નમુના નં. ૬–હકકપત્રકના નોંધ નં.૧૬૨૦, તા.૨૩/૧૨/૨૦૦૨ ના રોજથી નોંધ પ્રમાણીત કરવામાં આવેલ. તથા ગામ નમુના નં. ૮–અ ના ખાતા નં. ૧૫૬ થી ખાતે આવેલ છે.

ત્યારબાદ સદરહું માધાપરના રેવન્યું સર્વે નં. ૪૦ પૈકીની રહેણાંક હેતુ માટે બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીન એકર ૮–૩૭ ગુંઠાના વેચાણ, વહીવટ, વ્યવસ્થા તથા વ્યવહાર કરવા માટેપ્રહલાદભાઈ વિઠ્ઠલભાઈ પટેલ વિગેરેએએ તા.૨૩/૦૩/૨૦૦૧ ના રોજ સહ–હિસ્સેદાર સુર્યકાન્ત પ્રહલાદભાઈ પટેલ તથા ચંદ્રકાન્ત પ્રહલાદભાઈ પટેલને કુલમુખત્યારનામું કરી આપેલ.

ત્યારબાદ સદરહું માધાપરના રેવન્યું સર્વે નં. ૪૦ પૈકીની રહેણાંક હેતુ માટે બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી "અયોધ્યાનગરી" તરીકે ઓળખાતા વિસ્તારના પ્લોટસ પૈકી પ્લોટ નં. ૧૧ ની જમીન ચો.મી.આ. ૧૯૦–૭૪ ના ખુલ્લા પ્લોટને જાતેથી તથા અન્યના કુલમુખત્યાર દરજ્જે સુર્યકાન્ત પ્રહલાદભાઈ પટેલએ રાજકોટ સબ. રજી. કચેરીના અનુક્રમ નં.૫૦૬૪, તા.૨૫/૧૧/૨૦૦૨ ના રોજથી જનકભાઈ મહાદેવભાઈ ઉપાધ્યાયને રજી. વેચાણ દસ્તાવેજથી વેચાણ કરી આપેલ. જે અંગે ગામ પંચાયત કચેરીના ગામ નમુના નં. ૨ ના નોંધ નં.૪૮૬, તા.૨૪/૦૮/૨૦૧૭ ના રોજથી નોંધ પ્રમાણીત કરેલ.

તથા તા.૦૮/૦૨/૨૦૧૧ ના રોજ માતૃ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો (૧) અલ્પા હર્ષદભાઈ ભીમાણી, (૨) અલ્કેશભાઈ કુરજીભાઈ ભોજાણી તથા (૩) નીરૂબેન અશોકભાઈ ઘોડાસરા વચ્ચે થયેલ ભાગીદારી દસ્તાવેજ થયેલ તથા રજી. ઓફ ફર્મ્સમાં નોંધણી કરાવેલ.

તથા ત્યારબાદ તા.૦૬/૦૨/૨૦૧૨ ના રોજ માતૃ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદાર નીરૂબેન અશોકભાઈ ઘોડાસરા છુટા થતા ભાગીદારી રીટાયર્ડમેન્ટ દસ્તાવેજ થયેલ તથા રજી. ઓફ ફર્મ્સમાં નોંધણી કરાવેલ.

..૫..

ASHVIN R. KANANI ADVOCATE Enl. No. G / 1059 2010

Matru Infrastructure.
Partner.

A. R. KANANI
[M.A., LL.B.]
(Advocate)

Off. :- 408-Business Corner, Indira Circle, 150 ft rign Road, Rajkot-07.

તથા ત્યારબાદ તા.૦૮/૦૨/૨૦૧૨ ના રોજ માતૃ ઈન્ફ્રાસ્ટ્રકચરના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારોએ સદરહું ભાગીદારી પેઢીના તમામ પ્રકારના કાર્યો અને કામકાજો કરવા માટે હર્ષદ નાનજીભાઈ ભીમાણીને કુલમુખત્યારનામું કરી આપેલ.

ત્યારબાદ સદરહું માધાપરના રેવન્યું સર્વે નં. ૪૦ પૈકીની રહેણાંક હેતુ માટે બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી "અયોધ્યાનગરી" તરીકે ઓળખાતા વિસ્તારના પ્લોટસ પૈકી પ્લોટ નં. ૧૧ ની જમીન ચો.મી.આ. ૧૯૦–૭૪ તથા પ્લોટ નં. ૧૨ ની જમીન ચો.મી.આ. ૧૦૦–૪૧ એમ મળી બન્ને પ્લોટસની કુલ જમીન ચો.મી.આ. ૨૯૧–૧૫ નો જનકભાઈ મહાદેવભાઈ ઉપાધ્યાયએ રાજકોટ સબ. રજી. કચેરીના અનુક્રમ નં.૭૦૮૪, તા.૦૪/૧૨/૨૦૧૭ ના રોજ માતૃ ઈન્ફ્રાસ્ટ્રકચરના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો અલ્પા હર્ષદભાઈ ભીમાણી વિગેરેના કુલમુખત્યાર દરજજે હર્ષદ નાનજીભાઈ ભીમાણીને રજી. વેચાણ દસ્તાવેજથી વેચાણ કરી આપેલ. જે અંગે ગામ પંચાયત કચેરીના ગામ નમુના નં. ૨ ના નોંધ નં.૪૮૬, તા.૧૨/૧૨/૨૦૧૭ ના રોજથી નોંધ પ્રમાણીત કરેલ.

ASHVIN R.KANANI Enl. No. G / 1059 2010 ADVOCATE

ત્યારબાદ સદરહું ઉપરોકત દર્શાવેલપ્લોટ નં. ૧૧ ની જમીન ચો.મી.આ. ૧૯૦–૭૪ તથા પ્લોટ નં. ૧૨ ની જમીન ચો.મી.આ. ૧૦૦–૪૧ એમ મળી બન્ને પ્લોટસની કુલ જમીન ચો.મી.આ. ૨૯૧–૧૫ ની ખુલ્લી જમીનનું એકત્રીકરણ કરી ઉપર રહેણાંકના હેતુ માટેનું લો–રાઈઝ બિલ્ડીગ બનાવવાનું આયોજન કરતા રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ–રાજકોટના પ્રકરણ ક્રમાંક નં.રૂડા/ટેક/ડિવ/માધાપર/૫૬૫/૧૭/૫૩૦૫, તા.૦૬/૧૨/૨૦૧૭ ના રોજથી ડો. જનકભાઈ મહાદેવભાઈ ઉપાધ્યાયના નામની મેળવેલ બાંધકામ પરવાનગીપત્ર, બિલ્ડીગ પ્લાન તથા એમોલગેશન પ્લાન મંજુર કરાવેલ. સદરહું મંજુર થયેલ બિલ્ડીગ પ્લાન મુજબ માતૃ ઈન્ફ્રાસ્ટ્રકચરના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારોએ એક માળે બે એમ પાંચ માળના પાંચ ફલેટ બે બેડરૂમ, હોલ, કિચન, ડબલ્યુ સી સાથેના તથા પાંચ ફલેટ થ્રી બેડરૂમ, હોલ, કિચન, ડબલ્યુ સી સાથેના એક મળી કુલ દસ ફલેટસનું લો–રાઈઝ બિલ્ડીગનું બાંધકામ ચાલુ કરેલ. સદરહું મંજુર થયેલ બિલ્ડીગ પ્લાન મુજબ હાલમાં બાંધકામ અંશતઃ પુર્ણ થયેલ છે એટલે કે હાલ બાંધકામ ચાલુ છે. તથા સદરહું બિલ્ડીગને **"માતૃ અર્પણ"** નામ આપેલ છે.

ત્યારબાદ સદરહું **"માતૃ અર્પણ"** ના નામથી ઓળખાતા લો–રાઈઝ બિલ્ડીગની સંયુકત સામાન્ય અવિભાજય સુખ સુવિધા તથા ફલેટ એકટ મુજબ ફલેટ ઓનર્સ કમ પ્રમોટર્સનું રાજકોટ સબ રજી. કચેરીના અનુક્રમ નં.૨૧૭૨, તા.૨૧/૦૩/૨૦૧૮ ના રોજ માતૃ ઈન્ફ્રાસ્ટ્રકચરના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારોના કુલમુખત્યાર દરજજે શ્રી હર્ષદ નાનજીભાઈ ભીમાણીએ ડીડ ઓફ ડેકલેરેશન (એ.ઓ.પી.) કરી આપેલ છે.

Matru Infrastructure.
AHBhimani
Partner.

A. R. KANANI
[M.A., LL.B.]
(Advocate)

Off. :- 408-Business Corner, Indira Circle, 150 ft rign Road, Rajkot-07.

ત્યારબાદ સદરહું **"માતૃ અર્પણ"** ના નામથી ઓળખાતા લો–રાઈઝ બિલ્ડીગ માંહેના ફર્સ્ટ ફલોરથી ફીફથ ફલોર ઉપર આવેલ તમામ ફલેટસ માતૃ ઈન્ફાસ્ટ્રકચરના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો શ્રીમતી અલ્પા હર્ષદભાઈ ભીમાણી તથા શ્રી અલ્કેશભાઈ કુરજીભાઈ ભોજાણીની માલીકી, કબ્જા અને ભોગવટાનો આવેલ છે. તથા સદરહું જમીનની મહેસુલ લીઝ ભરપાઈ કરેલ છે.

(૧) ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટમાં બતાવેલ મિલ્કતની **<u>ચર્તુ:દિશા</u>** નીચે મુજબ છે. (એટલે કે સમગ્ર માતૃ અર્પણ બિલ્ડીગની મંજુર થયેલ બિલ્ડીગ પ્લાન મુજબની ચર્તુ:દિશા)

ઉતરે :– લાગુ પ્લોટ નં. ૧૩ આવેલ છે.
દક્ષિણે :– ૧૦–૫૦ મીટરનો રોડ આવેલ છે.
પુર્વે :– લાગુ રે. સર્વે નં. ૪૧/પૈકીની મિલ્કત આવેલ છે.
પશ્ચિમે :– ૯–૦૦ મીટરનો રોડ આવેલ છે.

ASHVIN R.KANANI Enl. No. G / 1059 2010 ADVOCATE

(૨) સદરહું મિલ્કતને લગતા **ઉતરોતર દસ્તાવેજો** નીચે મુજબ છે.

૧) રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ–રાજકોટના પ્રકરણ ક્રમાંક નં.રૂડા/ટિક/ડેવ/માધાપર/ ૫૬૫/૧૭/૫૩૦૫, તા.૦૬/૧૨/૨૦૧૭ ના રોજ મેળવેલ બાંધકામ પરવાનગીપત્ર, બિલ્ડીગ પ્લાન તથા એમોલગેશન પ્લાનની નકલ.

૨) અનુક્રમ નં.૭૦૮૪, તા.૦૪/૧૨/૨૦૧૭ ના રોજ માતૃ ઈન્ફાસ્ટ્રકચરના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો અલ્પા હર્ષદભાઈ ભીમાણી વિગેરેના કુલમુખત્યાર દરજ્જે હર્ષદ નાનજીભાઈ ભીમાણી જોગ ડો. જનકભાઈ મહાદેવભાઈ ઉપાધ્યાયએ કરી આપેલ રજી. વેચાણ દસ્તાવેજની નકલ.

૩) અનુક્રમ નં.૭૦૮૦, તા.૦૪/૧૨/૨૦૧૭ ના રોજ ડો. જનકભાઈ મહાદેવભાઈ ઉપાધ્યાયએ કરી આપેલ રજી. સેલ્ફ ડેકલેરેશનની નકલ.

૪) માતૃ ઈન્ફાસ્ટ્રકચરના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો અલ્પા હર્ષદભાઈ ભીમાણી વિગેરેએ તા.૦૮/૦૨/૨૦૧૨ ના રોજ હર્ષદ નાનજીભાઈ ભીમાણીને કરી આપેલ જનરલ પાવર ઓફ એટર્ની (કુલમુખત્યારનામા) ની નકલ.

૫) તા.૦૬/૦૨/૨૦૧૨ ના રોજ માતૃ ઈન્ફાસ્ટ્રકચરના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો વચ્ચે થયેલ ભાગીદારી રીટાયર્ડમેન્ટ દસ્તાવેજની નકલ તથા રજી. ઓફ ફર્મ્સની નકલ.

૬) તા.૦૮/૦૨/૨૦૧૧ ના રોજ માતૃ ઈન્ફાસ્ટ્રકચરના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો વચ્ચે થયેલ ભાગીદારી દસ્તાવેજની નકલ.

Matru Infrastructure.
A.H.Bhimani
Partner.

A. R. KANANI
[M.A., LL.B.]
(Advocate)

Off. :- 408-Business Corner, Indira Circle, 150 ft rign Road, Rajkot-07.

૭) અનુક્રમ નં.૫૦૬૪, તા.૨૫/૧૧/૨૦૦૨ ના રોજ મારા જોગ સુર્યકાન્ત પ્રહલાદભાઈ પટેલ જાતેથી તથા અન્યના કુલમુખત્યાર દરજ્જે કરી આપેલ રજી. વેચાણ દસ્તાવેજ અસલ.

૮) અનુક્રમ નં.૧૭૮૩, તા.૧૨/૦૫/૨૦૦૩ ના રોજ મારા જોગ સુર્યકાન્ત પ્રહલાદભાઈ પટેલ જાતેથી તથા અન્યના કુલમુખત્યાર દરજ્જે કરી આપેલ રજી. વેચાણ દસ્તાવેજ અસલ.

૯) પ્રહલાદભાઈ વિઠ્ઠલભાઈ પટેલ વિગેરેએ તા.૨૩/૦૩/૨૦૦૧ ના રોજ સુર્યકાન્ત પ્રહલાદભાઈ પટેલ વિગેરેને કરી આપેલ કુલમુખત્યારનામાની નકલ.

૧૦) જીલ્લા પંચાયત કચેરી, મહેસુલ શાખા રાજકોટના નં.એનએ.લેરેકોક–૬૫ કેસ નં.૧૬/૨૦૦૨/૦૩/વશી/૩૪૩૦/૩૬, તા.૦૨/૧૧/૨૦૦૨ ના રોજ મંજુર થયેલ બીનખેતી હુકમ તથા સનંદના દાખલાની નકલ.

ASHVIN R.KANANI Enl. No. G / 1059 2010 ADVOCATE

૧૧) રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ રાજકોટના પ્રકરણ ક્રમાંક નં.રૂડા/ટેક/ડેવ/માધાપર/૧૯/૦૧/૮૮૫, તા.૧૮/૦૬/૨૦૦૨ ના રોજ મંજુર કરેલ બીનખેતી લે–આઉટ પ્લાન તથા વિકાસ પરવાનગીપત્રની નકલ.

૧૨) અનુક્રમ નં.૧૨૧૮, તા.૧૮/૦૩/૨૦૦૨ ના રોજ પ્રહલાદભાઈ વિઠ્ઠલભાઈ પટેલ વિગેરે જોગ દુધીબેન રત્નાભાઈ હેરમાના કુલમુખત્યાર દરજ્જે કિશોરભાઈ રાઘવજીભાઈ પરમારએ કરી આપેલ રજી. વેચાણ દસ્તાવેજની નકલ.

૧૩) રાજકોટ તાલુકા મામલતદાર કચેરીના નં.વહવ–વશી–૧૦૮૧/૨૦૦૧, તા.૩૧/૦૮/૨૦૦૧ ના રોજ મંજુર કરેલ એકત્રીકરણના હુકમની નકલ.

૧૪) દુધીબેન રત્નાભાઈ હેરમાએ તા.૧૨/૦૫/૨૦૦૧ ના રોજ કિશોરભાઈ રાઘવજીભાઈ પરમારને કરી આપેલ કુલમુખત્યારનામાની નકલ.

૧૫) અનુક્રમ નં.૫૦૩૯, તા.૧૩/૧૨/૨૦૦૦ (નવો નં.૧૯, તા.૦૨/૦૧/૨૦૦૧) ના રોજ દુધીબેન રત્નાભાઈ હેરમા જોગ રમેશભાઈ ખેંગારભાઈ ડોડીયાએ કરી આપેલ રજી. વેચાણ દસ્તાવેજની નકલ.

૧૬) અનુક્રમ નં.૩૮૮૩, તા.૦૫/૧૧/૧૯૯૯ ના રોજ રમેશભાઈ ખેંગારભાઈ ડોડીયા જોગ મણીલાલ વસ્તાભાઈ ડોડીયા વિગેરેએ કરી આપેલ રજી. વેચાણ દસ્તાવેજની નકલ.

૧૭) અનુક્રમ નં.૩૮૮૬, તા.૦૫/૧૧/૧૯૯૯ ના રોજ દુધીબેન રત્નાભાઈ હેરમા જોગ મણીલાલ વસ્તાભાઈ ડોડીયા વિગેરેએ કરી આપેલ રજી. વેચાણ દસ્તાવેજની નકલ.

..૮..

Maitri Infrastructure.
Partner.

A. R. KANANI
[M.A., LL.B.]
(Advocate)

Off. :- 408-Business Corner, Indira Circle, 150 ft rign Road, Rajkot-07.

૧૮) ઝોનીંગ સર્ટીફીકેટ તથા પાર્ટ પ્લાનની નકલ.
૧૯) રેવન્યું રેકર્ડ તથા ઉતરોતર ૬–હકકપત્રકની નકલ.
૨૦) ગામ નમુના નં. ૨ ની નકલ.
૨૧) મહેસુલ લીઝ તથા શીક્ષણ ઉપકર ભર્યાની પહોંચ.

(૩) સદરહું સવાલવાળી મિલ્કત બાબતના ઉપરોક્ત આ રીપોર્ટમાં જણાવેલ વ્યવહારો સીવાય કોઈપણ પ્રકારની તબદીલી, ગીરો કે અન્ય કોઈપણ પ્રકારના દસ્તાવેજો થયેલ નથી. તે બાબતે સબ રજીસ્ટ્રારશ્રી રાજકોટમાં સને. ૧૯૮૮ થી ૧૯૯૮ એમ દસ (૧૦) વર્ષનું સર્ચ (શોધ) લીધેલ્ છે. જેના સર્ચ ફી રકમ રૂા.૬૫/–અંકે રૂપિયા પાંસઠ પુરા, પહોંચ નં. ૨૦૧૮૦૨૨૦૦૮૫૨૯, અરજી નં.૬૧૦૯, તા.૨૨/૦૩/૨૦૧૮ ના રોજ ભરપાઈ કરેલ છે. તથા સબ રજીસ્ટ્રારશ્રી રાજકોટમાં સને. ૧૯૯૮ થી ૨૦૧૮ એમ વીસ (૨૦) વર્ષનું સર્ચ (શોધ) લીધેલ છે. જેના સર્ચ ફી રકમ રૂા.૧૧૫/–અંકે રૂપિયા એકસો પંદર પુરા, પહોંચ નં. ૨૦૧૮૦૨૪૦૦૬૪૪૦, અરજી નં.૪૦૯૯, તા.૨૨/૦૩/૨૦૧૮ ના રોજ ભરપાઈ કરેલ છે.

ASHVIN R.KANANI Enl. No. G/1059 2010 ADVOCATE

અમો ઉપરોક્ત વિગતો તપાસતા એવા નિર્ણય ઉપર આવ્યા છીએ કે સવાલવાળી મિલ્કત ટાઈટલ કલીયર, માર્કેટેબલ તેમજ ગીરો મુકત તથા બોજા રહીત અને કોઈપણ જાતની વ્યાજબી શંકાઓ રહીત છે.

રાજકોટ.
તા.૨૪/૦૩/૨૦૧૮

ASHVIN R.KANANI Enl. No. G/1059 2010 ADVOCATE

24/3/18

અશ્વિન આર. કાનાણી
(એડવોકેટ)

Matru Infrastructure.
Partner.

અરજી પહોંચ

મેલ્કતનું વર્ણન માધાપર રેસ.ન 40

Search in : RAJKOT-1/RAJKOT-1

પહોંચ નંબર: ૨૦૧૮૦૨૨૦૦૮૫૨૯ અરજી નંબર: ૬૧૦૯ અરજી વર્ષ: ૨૦૧૮

તા: ૨૨ માહે: માર્ચ સને: ૨૦૧૮

રજુ કરનારનું નામ **એ.આર.કાનાણી(એડ.)શોધ**

નીચે પ્રમાણે ફી પહોંચી

	રૂ. પૈસા
રજીસ્ટ્રેશન ફી	
નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો	૦
શેરોની નકલ કરવા માટે ફી	
ટપાલ ખર્ચ	
નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭)	૦
શોધ અગર તપાસણી Year : ૧૯૮૮ ૧૯૯૮	૬૫
દંડ કલમ-૨૫	
કલમ-૩૪ (કલમ-૫૭)	
નકલ ફી ફોલીયો	૦
ઈન્ડેક્ષ-૨ ફી	
આ સિવાયની બાબતોની ફી	
કુલ એકંદરે રૂ.	૬૫

અંકે રૂપીયાપાસઠ પુરા.

દસ્તાવેજ ------------- ના દિવસે તૈયાર થશે અને તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં ------------------------ આવશે.
નકલ કચેરીમાં આપવામાં

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

ASHVIN R.KANANI * Enl. No. G / 1059 2010 * ADVOCATE

(એમ.જે.રાજ્યગુરૂ)
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 1

IGR-NIC -7431174675423633462 ૨૨/૩/૨૦૧૮ ૩:૦૪:૦૩ pm

Matru Infrastructure,
A.H Bhimani
Partner.

અરજી પહોંચ

મેલ્કતનું વર્ણન રે.સ.નં. 40 પ્લોટ નં. 11 તથા 12

Search in : માધાપર/MADHAPAR

પહોંચ નંબર:	૨૦૧૮૦૨૪૦૦૬૪૪૦	અરજી નંબર:	૪૦૯૯	અરજી વર્ષ:	૨૦૧૮

તાઃ ૨૨ માહેઃ માર્ચ સનેઃ ૨૦૧૮

રજુ કરનારનું નામ એ.આર.કાનાણી (એડ) શોધ

નીચે પ્રમાણે ફી પહોંચી

	રૂ. પૈસા
રજીસ્ટ્રેશન ફી........	
નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો........	૦
શેરોની નકલ કરવા માટે ફી........	
ટપાલ ખર્ચ........	
નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭)........	૦
શોધ અગર તપાસણી........ Year: ૧૯૯૮ ૨૦૧૮	૧૧૫
દંડ કલમ-૨૫........	
કલમ-૩૪ (કલમ-૫૭)........	
નકલ ફી ફોલીયો........	૦
ઈન્ડેક્ષ-૨ ફી	
આ સિવાયની બાબતોની ફી	

કુલ એકંદરે રૂ.	૧૧૫

અંકે રૂપીયા એકસો પંદર પુરા.

દસ્તાવેજ ------------- ના દિવસે તૈયાર થશે અને તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં ------------------------- આવશે.

નકલ કચેરીમાં આપવામાં

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશે

(Stamp: THE SEAL OF THE SUB-REGISTRAR OF RAJKOT-3 (JAMNAGAR ROAD) / રાજકોટ સબ રજીસ્ટ્રાર ૩)

(Stamp: ASHWIN R. KANANI ADVOCATE Enl. No. G / 1059 2010)

(G.C.Barvadiya)
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - ૩

IGR-NIC 2444148344665025175 ૨૨/૩/૨૦૧૮ ૧:૪૯:૪૦ pm

Matru Infrastructure.
A.H. Bhimani
Partner.